### ખેડૂત, વેપારી અને સહકારી વિભાગમાં ૧૬ ડીરેક્ટરોની ચૂંટણી સમરસ નીવડી

# ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટ યાર્ડ)માં વર્તમાન ચેરમેનની પેનલના તમામ ઉમેદવારો બિનહરીફ

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ(માર્કેટ યાર્ડ)માં ૨૦૦૮ થી ચેરમેન પદે હિતેન્દ્રસિંહ સિસોદીયા સેવા આપી રહ્યા છે

ભિલોડા,તા.૧૭

ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટ યાર્ડ)ની મુદત પુર્ણ થતાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી પરંતુ તાલુકાના રાજકીય,સહકારી અગ્રણીઓ અને વર્તમાન ચેરમેન ધ્વારા વેપારીઓ અને ખેડૂતોના હિતમાં ચૂંટણી ટાળવા અને સમરસ યોજવા માટે ભગીરથ પ્રયાસો હાથ ધરાતાં સહિયારા પ્રયાસોને સફળતા મળી હતી.૫૪ ઉમેદવારી ફોર્મમાંથી વધારાના ફોર્મ પરત ખેંચાતાં ૧૬ ડીરેક્ટરો બિન હરીફ ચૂંટાયા હતા.વર્તમાન ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયાના વડપણ હેઠળની પેનલના તમામ ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવતાં ખેડુતો,વેપારીઓ અને



અગ્રણીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટ યાર્ડ)ની ચૂંટણી જિલ્લા રજિસ્ટ્રાર એ.પી.અસારીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.ચૂંટણીમાં ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે ૪૦,વેપારી વિભાગની ૪ બેઠકો માટે ૧૦ અને સહકારી વિભાગની ૨ બેઠકો માટે ૪ મળી કુલ ૧૬ બેઠકો માટે ૫૪ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા પરંતુ ચર્ચા અને સમજાવટ બાદ અન્ય ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પરત ખેંચી લેતાં વર્તમાન પેનલના હિતેન્દ્રસિંહ સિસોદીયાની પેનલના ૧૬ ઉમેદવારો ડીરેક્ટર પદે બિન હરીફ ચૂંટાયા હતા.ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટ યાર્ડ) માં ૨૦૦૮ થી સતત નેતૃત્વ જાળવી પેનલને વિજય અપાવવા બદલ વર્તમાન ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયાને જીલ્લા અગ્રણી રાજેન્દ્રસિંહ ભાટી, વા.ચેરમેન, સા.કાં. બેંક સહિત રાજકીય, સહકારી અગ્રણીઓએ ડીરેક્ટરોને બિન હરીફ જાહેર કરવામાં મદદરૂપ થયા હતા.

# રૂપાલ છત્રેશ્વર મહાદેવ મંદિરે સવાલાખ શિવલિંગ પુજન



ગાંભોઈ, તા.૧૭

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે પુરાણા છત્રેશ્વર મહાદેવ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે મંદિર પરિસરમાં પ્રતિદિન સવાલાખ શિવલિંગ બનાવી શિવ પ્રાર્થિવ મહાપૂજનના મુખ્ય યજમાન અગ્રણી ભરતસિંહ રહેવર, મહેન્દ્રસિંહ રહેવર તેમજ ધનરાજસિંહ રહેવરના હસ્તે કરાયા બાદ શિવલિંગનું રોજેરોજ જળમાં વિસર્જન કરવામાં આવે છે. આ મહાપૂજનના દર્શન કરવા શ્રદ્ધાળુ શિવભકતો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી ધન્યતા અનુભવી રહ્યા છે.

# ટોરડા હાઈસ્કૂલમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઉત્સાહભેર યોજાયો

ભિલોડા,તા.૧૭

ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા ગોપાળાનંદ સ્વામીની જન્મભુમિમાં નવજીવન વિદ્યાલય પરીસરમાં ૭૫માં સ્વાતંત્ર્ય દિને ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો.અધ્યક્ષ સા.કાં. બેંક વા.ચેરમેન,ટ્રસ્ટી



રાજેન્દ્રસિંહ ભાટીના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાયું હતું. ટ્રસ્ટીઓ, વાલીઓ, ગ્રામજનો, યુવાનો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ ૧૫મી ઓગસ્ટનું મહત્વ,દેશ ભક્તિના ગીતો સહિત વિવિધ કાર્યક્રમો થકી દેશ પ્રેમને ઉજાગર કર્યો હતો.આચાર્ય પીનાકીન એન. પટેલે જણાવ્યું હતુ કે જે પોતાના માટે જીવે છે તેનું મરણ થાય છે પણ જે દેશ હિત માટે જીવે છે તેનું સ્મરણ થાય છે. ભારત દેશ વિશ્વમાં કેમ મહાન છે તેની જાણી-અજાણી વાતો જે વિશ્વમાં ભારતને અલગ બનાવે છે તેની સમજ વિદ્યાર્થીઓને આપી આઝાદીના અમૃત મહોત્સવનું રસપાન કરાવ્યું હતું. સમારંભ અધ્યક્ષે જણાવ્યું હતું કે આજનું બાળક એ આવતી કાલના રાષ્ટ્રનું ભાવિ છે. બાળકોમાં દેશ પ્રેમ જાગૃત થાય,કોવિડ-૧૯ માં જેણે ખરા અર્થમાં દેશ સેવા કરી છે એવા કોરોના વોરિયર્સ અને દેશના વીર જવાનો આપણું રક્ષણ કરી રહ્યા છે.તેમને યાદ કરી,સલામી આપી,સ્નેહથી વંદન કર્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ડી. એમ. રૂપાલીએ કર્યું હતું.

# અડપોદરા ડુંગરના દેવસ્થાન ભૂમિને લીઝમાંથી રદ કરવા ઉગ્ર પ્રજા માંગ

### ધાર્મિક સ્થળોને બચાવવા ટ્રસ્ટ દ્વારા લોક આંદોલનની ચીમકી : ઝાલા બાવજીનું મંદિર સમગ્ર ઉત્તર ગુજરાતના શ્રદ્ધાળુઓનું આસ્થાનું કેન્દ્ર છે

રાયગઢ, તા.૧૭

હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે ગૌમાતાની દેવભૂમિ ગણાતા ઝાલાના ડુંગર પર આવેલ ત્રણ હિંદુ ધાર્મિક સ્થળો ધરાવતા પર્વતીય જગ્યાને વર્તમાન સરકારી વહીવટીતંત્રે લીઝ તરીકે આપી હિન્દુ આસ્થા ધરાવતા આ પવિત્ર પર્વતીયમાળા પર ખનન કરવાના આપેલા આદેશ સામે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ધર્મપ્રેમી જનતામાં ભારે આક્રોશ ઉભો થયો છે. આ ધાર્મિક સ્થળોને ડુંગર પર થઈ રહેલ ખનનથી બચાવવા ઝાલા બાવજી દેવસ્થાન ટ્રસ્ટ અડપોદરાના વહીવટદારો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી જણાવ્યું છે કે દેશમાં મોગલકાળ સમય મોગલો દ્વારા ગાયોને ચોરી લઈ જવા સામે તે સમયના ઝાલા



વંશજ ગણાતા ઝાલા બાવજી મોગલો સામે યુદ્ધમાં વીરગતિ પામેલા તેની યાદમાં અડપોદરા પાસેના ડુંગરપર ઝાલા બાવજીના ઐતિહાસિક મંદિર સ્થળે બંને જિલ્લાના ધર્મપ્રેમી શ્રદ્ધાળુઓ મેળા રૂપે ઉત્સવ ઊજવે છે. આ પવિત્ર સ્થળ ઊપરાંત મોગલો દ્વારા ગાયોની કતલ કરવામાં આવી તે ધોળીયા ગામ પાસે ધોળીડુંગરી પર ગાયોનું સમાધિ સ્થળ અને આ જ પર્વતીય માળા પર કાળીની ટૂંકના ડુંગર પર ઝાલા વંશજોની કુળદેવીનો વિસામો સહિત આ ત્રણેય પવિત્ર સ્થળો પર દર વર્ષે યજ્ઞ-હવન થાય છે અને શ્રદ્ધાળુ લોકો આ ત્રણ પવિત્ર સ્થળ ધરાવતા ડુંગરોની પ્રદક્ષિણા કરતા હોય છે. ત્યારે આ ધાર્મિક પર્વતીય જમીન વિસ્તારને તાજેતરમાં સરકારના જિલ્લા વહીવટી તંત્રે લીઝ તરીકે આપી ખનન કરવાની કાર્યવાહી સામે આ ધાર્મિક સ્થળોમાં આસ્થા ધરાવતા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની હિન્દુ ધર્મપ્રેમી જનતામાં ભારે રોષ સાથે વિરોધ ઉભો થવા પામ્યો છે. ત્યારે આ ધાર્મિક અને ઐતિહાસિક વિરાસત સમી પવિત્ર ભૂમિને બચાવવા અને સરકારે આ પર્વતીય ગિરિમાળા વિસ્તારની જમીનને લીઝ માંથી રદ કરવા ઝાલા બાવજી દેવસ્થાન ટ્રસ્ટ અડપોદરા દ્વારા મળેલી વહીવટદારોની બેઠકમાં આ અંગે ઠરાવ કર્યા બાદ ટ્રસ્ટના પ્રમુખ આલુસિંહ ઝાલાએ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને આ ધાર્મિક સ્થળોને બચાવવા વિનંતી કરી જરૂર પડે આ સ્થળ પર આસ્થા ધરાવતી બંને જિલ્લાની પ્રજા દ્વારા આંદોલન કરવા જણાવ્યું છે.

# બામણા શાળા- કોલેજમાં આઝાદીના અમૃત મહોત્સવ ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી

ભિલોડા,તા.૨૭

કવિવર ઉમાશંકર જોષીની પાવન જન્મભુમી બામણા ગામમાં કાર્યરત બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ



સંચાલિત ડી. એમ.બી.પી. હાઈસ્કૂલ,સ્વ.શાંતાબોન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે આઝાદી અમૃત મહોત્સવ ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી દરમિયાન મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત રંગોળી સ્પર્ધા યોજાઈ જેમાં તાલુકા કક્ષાએ બામણા શાળાનો પ્રથમ નંબરે વિજેતા પ્રમાણપત્ર એનાયત કરાયું હતું.બામણા,પુનાસણ ગામમાં રાષ્ટ્રીય ચેતના સુર વિદ્યાર્થીઓએ જન જાગૃતિને લગતા કાર્યક્રમો કર્યા હતા. એન.એસ.એસ.વિભાગ અંતર્ગત મેરેથોન દોડ સ્પર્ધા યોજાઈ હતી.દોડમાં ૭૨ વિદ્યાર્થીઓ સ્પર્ધક તરીકે જોડાયા હતા. પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબરને વિજેતા જાહેર કરી શિલ્ડ, પુરસ્કાર રૂપે રકમ એનાયત કરાઈ હતી.૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે મુખ્ય મહેમાન ડૉ.આશિષ સોલંકી(પુના),અતિથી મહેન્દ્ર એમ.પંડ્યા,કમલેશ જાની અમદાવાદ,કેળવણી મંડળના સભ્યો, દિનેશચંદ્ર ભટ્ટ,જગદીશ જોષી,અતુલ પંડ્યા, ગ્રામજનો, કોલેજ પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલ,આચાર્ય જી.જી. પટેલ,શાળા,કોલેજ સ્ટાફ, વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં દેશભક્તિ ગીત, મરાઠી,રાજસ્થાની અને આદિવાસી સંસ્કૃતિની ઓળખ આપતી કૃતિઓ વિદ્યાર્થીઓએ રજુ કરી હતી. આઝાદી મહોત્સવને સફળ બનાવવા વિષ્ણુભાઈ સોલંકીએ મહત્વની ભુમિકા ભજવી હતી.કાર્યક્રમનું સંચાલન ડૉ.ભીખાભાઈ પટેલ, આભારવિધિ પ્રો.નિવૃત્તિનાથ જોષીએ કરી હતી.

### ઢૂંઢિયા બાપજી મેઘ વરસાવો...

# રૂપાલમાં મેઘરાજાને રીઝવવા લોક ઉત્સવની ઉજવણી કરાઈ...

### મેહુલીયો મન મુકીને નહી વરસતાં પરંપરાગત રીતે પૂજા કરવામાં આવી...

ગાંભોઈ, તા.૧૭

ઉત્તર ગુજરાતમાં મેઘરાજા મન મૂકીને વરસતા ન હોવાથી ખેડૂતવર્ગમાં ભારે અજંપાની લાગણી વર્તાઈ રહી છે ત્યારે રિસાયેલા મેહુલિયાને મનાવવા ખેડૂત વર્ગમાં ઢૂંઢિયા બાપજીના પારંપારિક લોકોત્સવની ઉજવણી કરવાની પ્રથા પેઢી દર પેઢીથી ચાલી આવે છે. હિંમતનગર તાલુકાના રૂપાલ ગામની ખેડૂત મહિલાઓએ અનોખા લોકોત્સવની ઉજવણી કરી 'ઢૂંઢિયા બાપજી મેઘ વરસાવો 'ના નાદોથી મેઘરાજાને મન મુકીને વરસવા પ્રાર્થના કરી હતી. ઉત્તર ગુજરાતના મોટાભાગના લોકો પશુપાલન અને ખેતી વ્યવસાય સાથે જોડાયેલા હોવાથી લોકોનો વરસાદ ઉપર મોટો મદાર હોય છે. ચાલુ વર્ષે મેહુલિયો રિસાયો હોય તેમ મન મૂકીને



વરસતો નથી અહીં મેઘરાજાને મનાવવા પરંપરાગત ઢૂંઢિયા બાપજીના લોકોત્સવની ઉજવણી કરવામાં આવે છે. ગામની ખેડૂત મહિલાઓ ચીકણી માટી લઈ ઢૂંઢિયા બાપજીની પ્રતિમા બનાવી વૈદિક મંત્રોચારથી એક મહિલાના માથે મૂકી ગામના દરેક મોહલ્લામાં ઘરે-ઘરે પ્રતિમા ફેરવે છે. દરેક ઘરના પરિવારો દ્વારા આ ઢૂંઢિયા દેવની પ્રતિમા પર જળનો અભિષેક કરી મેહુલિયાને મન મુકીને વરસવા પ્રાર્થના કરે છે. મેહુલિયાને મનાવવા આવો જ એક લોકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ખેડૂત મહિલાઓ જોડાઈ હતી.

# બાયડમાં જુગારની બદી વકરી : પોલીસ, એલ.સી.બી.ની રેડમાં ૭ જુગારી ઝડપાયા

### રૂા.૩૪૯૦ની રોકડ જપ્ત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

બાયડમાં પોલીસની ધાક ઓસરવા લાગતાં અનેક વિસ્તારોમાં શ્રાવણિયો જુગાર ચરમસીમાએ પહોંચ્યો છે. ગત રોજ બાતમીના આધારે સ્થાનિક તેમજ અરવલ્લી એલ.સી.બી.ની ટીમે ઓચિંતિ રેડ કરતાં ૨ સ્થળેથી ૭ જુગારીયા રંગેહાથે ઝડપાયા છે. પોલીસે બંન્ને સ્થળેથી કુલ રૂા.૩૪૯૦ની રોકડ રકમ જપ્ત કરી આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો છે. નગરના કસ્બા વિસ્તારની પઠાણવાડી તેમજ સરકારી તાલુકા પુસ્તકાલય નજીકના રસ્તા ઉપર જુગારીયાઓ જુગાર રમતા હતા તે સમયે પોલીસે છાપો મારતાં નાસભાગ મચી હતી.

**ઝડપાયેલા જુગારી...**

**અયુબમીયાં અકબરમીયાં શેખ, રહે.પોરડીયા ફળીયું, કસ્બા વિસ્તાર, મોડાસા**

**મુસ્તાકખાન અબ્બાસખાન બલોચ, રહે.બાયડ લાખેશ્વરી વિસ્તાર**

**નરેન્દ્ર હીરાભાઈ વણકર, રહે.વણકરવાસ, સાઠંબા**

**ભીખાભાઈ ધુળાભાઈ મકવાણા, રહે.આંબેડકરચોક, રોહીતવાસ, બાયડ**

**સલીમમીયાં સાબીરમીયાં ચૌહાણ, રહે.કસ્બા વિસ્તાર, બાયડ**

**યુસુફખાન બબ્દુલખાન પઠાણ, રહે.મોટી વહોરવાડ, કપડવંજ**

**ધુળાભાઈ નાનાભાઈ રાવળ, રહે.રાવળવાસ, ગાબટ**

શ્રાવણ માસના આરંભ સાથે જુગારની બદી ઉપર અંકુશ મૂકવા પોલીસને આદેશ અપાયા છે. પોલીસ અને એલ.સી.બી.ની ટીમો દ્વારા ઠેકઠેકાણે બાતમીના આધારે છાપો મારી જુગારીયાઓની અટકાયત કરવામાં આવી રહી છે. કેટલાક વિસ્તારોમાં તો પોલીસના છૂપા આશીર્વાદ હેઠળ જુગારધામ ધમધમતાં હોવાના આક્ષેપ વચ્ચે પોલીસ નાના જુગારીયાઓને પકડી લૉકઅપમાં ધકેલતી હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. જ્યારે મોટા ગેમલરો સુધી પહોંચવામાં પોલીસનો પનો ટૂંકો પડી રહ્યો છે. તા.૧૬ના રોજ બાયડના કસ્બા વિસ્તારની પઠાણવાડી નજીક હારજીતનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે સ્થાનિક પોલીસે છાપો મારી ૫ જુગારીયાઓને રૂા.૨૨૫૦ની રોકડ સાથે ઝડપ્યા હતા. જ્યારે બીજા બનાવમાં અરવલ્લી એલ.સી.બી. ટીમે બાયડમાં તાલુકા સરકારી પુસ્તકાલય નજીક કેટલાક ઈસમો આંકડાનો હારજીતનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે રેડ કરતાં ૨ ઈસમો રૂા.૧૨૪૦ની રોકડ તેમજ જુગાર સાહિત્ય સાથે પકડાઈ ગયા હતા. બંન્ને બનાવમાં કુલ-૭ જુગારીયાઓ સામે કાયદેસરનો ગુનો નોંધવામાં આવ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર...

### દેમતીમેરા પ્રા.શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



બાયડ : પોશીના તાલુકાની દેમતીમેરા પ્રાથમિક શાળામાં ૧૫ ઑગષ્ટના રોજ દેશના ૭૫મા સ્વાતંત્ર્ય દિવસની રંગારંગ ઉજવણી સાથે વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારની ગાઈડલાઈન અનુસાર સિમિત સંખ્યામાં પૂરા સન્માન સાથે ગામના કાન્તિલાલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતુ ત્યારબાદ ઉપસ્થિત વાલીઓ સાથે શાળાના આચાર્ય મનિષભાઈ પ્રજાપતિ અને શિક્ષક અતુલભાઈ ડામોર દ્વારા શાળાના વિકાસ અને વિદ્યાર્થીઓના અભ્યાસ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

### ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



બાયડ : ગાયત્રી શક્તિપીઠ-બાયડના કેમ્પસમાં જાયન્ટ્સ ગૃપ બાયડના પ્રમુખ ડૉ.દેવમ્ ડી. સોનીએ તિરંગો લહેરાવ્યો હતો. જેમાં ગાયત્રી પરિવારના ભાઈ-બહેનો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. કોરોનાના કપરા કાળમાં કોરોના રસીના ૨ ડોઝ લેવા માટે તેમજ ત્રીજી લહેરને ધ્યાને રાખી સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ધ્વજ વંદન સમયે ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાય, જે.ડી.પટેલ, ત્રિપદા પ્રા.શાળાના આચાર્ય પંકજભાઈ પટેલ, જાયન્ટ્સ ગૃપ બાયડના પૂર્વ પ્રમુખ ડૉ.બી.પી. ચૌધરી, કુમુદભાઈ ભાવસાર, ગીરીશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### શૈક્ષણિક કેલેન્ડર જાહેર

# અરવલ્લી જિલ્લાના શૈક્ષણિક સંકુલોમાં ૨૫૩માંથી ૨૪૫ દિવસ અભ્યાસ કાર્ય ચાલશે : વર્ષમાં મળશે ૮૦ રજાઓ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

૨૦૨૧-૨૨ ના વર્ષનું સંભવિત શૈક્ષણિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે જેમાં દિવાળી વેકેશન ફરી ૨૧ દિવસનું રહેશે. વર્ષમાં ૨૪૫ જેટલા દિવસો શિક્ષણ કાર્યના જાહેર કરાયા છે. વર્ષમાં કુલ-૮૦ જેટલી રજાઓ આવે છે. જેથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શૈક્ષણિક સંકુલોમાં ૨૫૩ દિવસમાંથી ૨૪૫ દિવસ અભ્યાસ કાર્ય ચાલશે. જ્યારે વર્ષમાં ૮૦ રજાઓ શિક્ષકો અને વિદ્યાર્થીઓને મળી શકે છે.

છેલ્લા દોઢ વર્ષથી કોરોનાની મહામારીએ હાહાકાર મચાવતાં તેની અસર શૈક્ષણિક કાર્ય ઉપર થઈ છે. વિદ્યાર્થીઓને માત્ર ઓનલાઈન અભ્યાસ કરવો પડ્યો હતો. પરીક્ષા પણ ઓનલાઈન યોજાઈ. આ વર્ષે સરકાર દ્વારા માસ પ્રમોશન આપી દેવાયું છે અને તેનું પરિણામ પણ જાહેર થયા પછી શાળાઓમાં પ્રવેશ પ્રક્રીયા શરૂ થઈ છે. શાળાઓમાં પ્રવેશ પ્રક્રીયાને ધ્યાનમાં રાખી આચાર્ય સંઘ દ્વારા સંભવિત ૨૦૨૧-૨૨ નું શૈક્ષણિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે જેમાં પ્રથમ સત્રની શરૂઆત તા.૭ જૂન-૨૦૨૧ થી શરૂ કરી તેની પૂર્ણાહૂતિ તા.૩૦ ઓક્ટોબર-૨૦૨૧ના રોજ થશે. કુલ-૧૪૮ દિવસનું પ્રથમ સત્ર રહેશે. જેમાં ૧૧૭ દિવસ અભ્યાસ કાર્ય ચાલશે. ૨૧ રવિવારની રજા તેમજ ૮ જાહેર રજા જાહેર કરવામાં આવી છે. તા.૧ નવેમ્બરથી ૨૧ નવેમ્બર સુધી વેકેશન જાહેર કરાયુંછે. બીજા સત્રનો પ્રારંભ તા.૨૨ નવેમ્બરથી થશે જેમાં કુલ-૧૬૭ દિવસ સમાવાયા છે. રવિવારની ૨૩ અને જાહેર રજાઓ ૮ મળી ૩૧ રજા વિદ્યાર્થીઓને મળવાની છે. કુલ-૧૩૬ દિવસ શૈક્ષણિક કાર્ય કરવામાં આવશે. કુલ-૨૫૩ દિવસનું શૈક્ષણિક કાર્ય રહેશે જેમાં ૨૪૫ દિવસ અભ્યાસ કરાવવામાં આવશે. આચાર્ય સંઘ દ્વારા જાહેર કરેલ કેલેન્ડરમાં ૧૬ જાહેર રજાઓ, ૨૧ દિવસનું દિવાળી વેકેશન, ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન અને ૮ સ્થાનિક રજાઓ મળી કુલ-૮૦ જેટલી રજાઓ વર્ષમાં જાહેર કરાઈ છે.

**ઉનાળુ વેકેશન ઉપર નજર...**

| રજા | તારીખ | વાર |
|---|---|---|
| મહોરમ | ૧૯-૮-૨૧ | ગુરૂવાર |
| રક્ષાબંધન | ૨૨-૮-૨૧ | રવિવાર |
| જન્માષ્ટમી | ૩૦-૮-૨૧ | સોમવાર |
| સંવત્સરી | ૧૦-૯-૨૧ | શુક્રવાર |
| મહાત્મા ગાંધી જન્મ દિન | ૨-૧૦-૨૧ | શનિવાર |
| દશેરો | ૧૫-૧૦-૨૧ | શુક્રવાર |
| ઈદે મિલાદ | ૧૯-૧૦-૨૧ | મંગળવાર |
| નાતાલ | ૨૫-૧૨-૨૧ | શનિવાર |
| મકરસંક્રાંતિ | ૧૪-૧-૨૨ | શુક્રવાર |
| પ્રજાસત્તાક દિન | ૨૬-૧-૨૨ | બુધવાર |
| મહાશિવરાત્રિ | ૧-૩-૨૨ | મંગળવાર |
| ધુળેટી | ૧૮-૩-૨૨ | શુક્રવાર |
| ગુડીપડવો | ૨-૪-૨૨ | ગુરૂવાર |
| ડૉ.આંબેડકર જ્યંતિ | ૧૪-૪-૨૨ | ગુરૂવાર |
| ગુડફ્રાઈડે | ૧૫-૪-૨૨ | શુક્રવાર |

**રજાઓનું વિવરણ...**

| | |
|---|---|
| જાહેર રજાઓ : | ૧૬ દિવસ |
| દિવાળી વેકેશન : | ૨૧ દિવસ |
| ઉનાળુ વેકેશન : | ૩૫ દિવસ |
| સ્થાનિક રજાઓ : | ૦૮ દિવસ |

## જન્મદિને વધામણી



સૂર્યદેવસિંહ સિદ્ધરાજસિંહ મકવાણા
ઉજેડીયા, તા.તલોદ



પ્રેય પ્રિતેશકુમાર દરજી
બાયડ, જિ.અરવલ્લી



અતુલભાઈ એમ. બ્રહ્મભટ્ટ
(પત્રકાર)
ધનસુરા, જિ.અરવલ્લી



જગદીશભાઈ કે. પટેલ
ગાંધીનગર(અમદાવાદ)



મનિષ એચ. શાહ
(કોટીયર્ક પ્રિન્ટીંગ પ્રેસ)
બાયડ, જિ.અરવલ્લી